# તેજતૃષા–૨૦૨૬ કાર્યક્રમ અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માનનીય કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ  તા. **૨૭/૦૧/૨૦૨૬** ના રોજ યુનિવર્સિટી દ્વારા આયોજિત વાર્ષિક યુવા ઉત્સવ **"તેજતૃષા–૨૦૨૬"** નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં રહેલી શૈક્ષણિક, સાહિત્યિક, સાંસ્કૃતિક, કલાત્મક અને રમતગમત પ્રતિભાને ઉજાગર કરવાનો હતો.

કાર્યક્રમના **ઉદ્ઘાટન સત્રમાં પદ્મશ્રી ડૉ. જગદીશભાઈ ત્રિવેદી**, પ્રખ્યાત હાસ્યલેખક, કવિ, આંતરરાષ્ટ્રીય કલાકાર તથા દાર્શનિક તરીકે વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા. તેમણે પોતાના ઉદ્બોધનમાં યુવા પેઢીને સર્જનાત્મકતા, મૂલ્યનિષ્ઠ જીવન અને ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવા માટે પ્રેરણા આપી હતી. તેમના વિચારપ્રેરક અને હાસ્યસભર વક્તવ્યથી સમગ્ર સભાખંડ ઉત્સાહથી ભરાઈ ગયો હતો.

તેજતૃષા–૨૦૨૬ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓમાં મુખ્યત્વે સાહિત્ય અને ભાષા સ્પર્ધાઓ જેમ કે નિબંધ, વકતૃત્વ, ક્વિઝ, શીઘ્ર કાવ્ય સર્જન, શીઘ્ર લઘુકથા સર્જન, લોકવાર્તા, દોહા–છંદ–ચોપાઈ પાઠન અને સ્ક્રિપ્ટ લેખનનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત કલાત્મક સ્પર્ધાઓ તરીકે ક્લે મોડેલિંગ, પોસ્ટર મેકિંગ, રંગોળી, ગ્લાસ પેઇન્ટિંગ, ફેબ્રિક પેઇન્ટિંગ, મેંદી ડિઝાઇન અને પેન્સિલ સ્કેચિંગ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. મીડિયા ક્ષેત્રે સ્પોટ વિડીયોગ્રાફી અને સ્પોટ ફોટોગ્રાફી જેવી આધુનિક સ્પર્ધાઓ પણ આયોજિત કરવામાં આવી હતી.

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં હળવું કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની), પાશ્ચાત્ય કંઠ્ય સંગીત, સમૂહગીત (ભારતીય/પાશ્ચાત્ય), લોકવાદ્ય, તાલ વાદ્ય (સોલો), સ્વર વાદ્ય (સોલો), એકપાત્રીય અભિનય, એકાંકી, માઈમ, નૃત્ય નાટિકા, સ્કીટ, ફેશન શો તથા વિવિધ પ્રકારના નૃત્ય કાર્યક્રમો જેવી કે પ્રાદેશિક/સમૂહ નૃત્ય, શાસ્ત્રીય નૃત્ય અને ફ્રી સ્ટાઈલ નૃત્ય યોજાયા હતા.

ચેસ, કેરમ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ જેવી ઇન્ડોર રમતો તેમજ ૧૦૦ મીટર દોડ, રીલે દોડ, ગોળા ફેંક, ચક્ર ફેંક, લીંબુ-ચમચી દોડ અને કોથળા દોડ જેવી એથ્લેટિક અને મનોરંજક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય અને શક્તિ આધારિત સ્પર્ધાઓમાં યોગાસન, પાવર લિફ્ટિંગ અને વેઇટ લિફ્ટિંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં ઉત્સાહ, શિસ્ત અને સર્જનાત્મકતા સ્પષ્ટપણે જોવા મળી. તેજ્તૃષા–૨૦૨૬ દ્વારા વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાની ઉત્તમ તક મળી તેમજ યુનિવર્સિટીની શૈક્ષણિક સાથે સહપાઠ્ય પ્રવૃત્તિઓ પ્રત્યેની પ્રતિબદ્ધતા ફરી એકવાર સાબિત થઈ.

તેજતૃષા-૨૦૨૬ માં સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ને સર્ટીફીકેટ આપવામાં આવ્યા તથા વિજેતા થનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવનારને ટ્રોફી તથા સર્ટીફીકેટ આપવામાં આવ્યા.

આ રીતે **તેજ્તૃષા–૨૦૨૬** કાર્યક્રમ સફળતાપૂર્વક અને સ્મરણિય રીતે સંપન્ન થયો.

















ઉદ્ઘાટન સમારોહ
તેજતૃષા મહોત્સવ 2026
તારીખ: 27 જાન્યુઆરી 2026
સમય: 10:00






આંતરરાષ્ટ્રીય યોગ દિન


તેજતૃષા મહોત્સવ 2026